C.C.NO. /

(1)

કેસ દાખલ તારીખ:૨૪/૦૭/૨૦૧૩
રજી.થયા તારીખ:૨૪/૦૭/૨૦૧૩
ફેસલ કર્યા તારીખ:૦૪/૦૫/૨૦૧૯
સમય ગાળો:વર્ષ....માસ..... દિવસ...

મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબર:૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબર:૮૫૬/૨૦૧૩.
આંક-

ફરીયાદી:- શ્રી સરકાર.

વિરૂદ્ધ.

આરોપી:- (૧) આશિષભાઈ હેમંતભાઈ અમીન.
ઉં.વ.૨૩, રહે- અંબિકાકુંજ સોસાયટી,
અંબામાતાના મંદીર પાસે, મણીનગર,
અમદાવાદ.
(૨) પ્રેમકુમાર કિશોરીલાલ યાદવ.
ઉં.વ.૩૫,રહે- પ્લોટ નં. ૧૧, બિપીન કાર્ગો
મુવર્સ, આલ્ફા હોટલ પાસે, અસલાલી
અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ.બી.ગાયકવાડ.

---

ગુનો:-ઈ.પી.કો.કલમ: ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા
જી.પી.એક્ટ.કલમ: ૧૩૫(૧) મુજબ .

---

Scanned with CamScanner

---

## જજમેન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૭/૦૭/૨૦૧૩ ના કલાક:૨૩.૩૦ વાગ્યે ફરીયાદીશ્રીની અસલાલી સનરાઈઝ હોટલની પાછળ આવેલ સાંઈ ટેમ્પો સર્વિસની ઓફીસએ જઈ ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૪ ને કહેલ કે, તમે કેમ મારી ગાડીમાં માલ ભરાવતા નથી. તેમ કહી ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૪ ને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપી નં. ૧ લોખંડના સળીયા વડે ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૪ ને પગે તથા શરીરે ફટકાઓ મારી પોલીસમાં ફરીયાદ કરશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભાગી જઈ પાછળથી પકડાઈ જઈ મહે.પો.કમિશનર સાહેબશ્રી અમદાવાદનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવા બાબાતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ આંકઃ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તેમજ આંક:૦૨ અને ૦૩ થી

Scanned with CamScanner

આરોપીઓની ગુના સબંધે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓને તહોમતનામા અંગેની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર કેસની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદી ઉમેશભાઈ પરશુરામ ઓઝાની જુબાની | ૦૫ |
| ૨ | સાહેદ સવિતાદેવી ઉમેશભાઈ ઓઝાની જુબાની | ૦૮ |
| ૩ | પંચ સાહેદ બિપીનભાઈ અસરફીલાલ જયસ્વાલની જુબાની | ૦૯ |
| ૪ | પંચ સાહેદ ભગવાનપ્રસાદ રામનરેશ પાંડેની જુબાની | ૧૧ |
| ૫ | તપાસ કરનાર અમલદાર મહેન્દ્રકુમાર મફતલાલની જુબાની | ૧૨ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | અસલ ફરીયાદની ખરી નકલ | ૦૬ |
| ૨ | ચાર્જ અમલદાર રીપોર્ટ | ૦૭ |
| ૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |

(૪) પ્રસ્તુત કેસમાં મુળ ફરીયાદી દ્વારા આંકઃ ૦૪ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવતા ગુનો બિનસમાધાન પાત્ર હોઈ પુરસીસ નામંજુર કરવામાં આવેલ છે. જયારે મુળ ફરીયાદી દ્વારા આંકઃ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ

Scanned with CamScanner

પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ:૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી.

(૫) શ્રી સરકાર પક્ષ તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા. આરોપીઓ પક્ષ તરફે વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૬) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

-૦ મુદ્દા ૦ -

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે આ કામના આરોપીઓએ એકસંપ થઈ એકજાની મદદગારી કરી ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૪ નાઓને ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપી નં. ૧ એ લોખંડના સળીયા વડે ફરીયાદી તથા સાહેદને પગે તથા શરીરે ફટકાઓ મારી પોલીસમાં ફરીયાદ કરશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી મહે.પો.કમિશ્નર સાહેબશ્રી અમદાવાદનાઓના જાહેર નામાનો ભંગ કરી પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ.૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમઃ ૧૩૫(૧) મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

Scanned with CamScanner

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

-ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

મુદ્દા નંબર૧ -

ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમઃ ૧૩૫(૧) મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઉપર પહોચવાનું રહે છે.

(૮) ફરીયાદ પક્ષે આંકઃ ૦૫ થી ફરીયાદી ઉમેશભાઈ પરશુરામ ઓઝાનાઓને તપાસવામાં આવેલા છે. ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તા. ૭/૭/૨૦૧૩ ના રોજ પોતે તથા પોતાના સ્ટાફના માણસો હાજર હતા ત્યારે આ કામના આરોપીઓ તેઓની ઓફિસમા આવી કહેલ કે, અમારો માલ કેમ ભરાવતા નથી તેમ જણાવી તેઓની સાથે સામાન્ય બોલાચાલી તકરાર કરેલ. રાતના સમય હોવાથી બુમાબુમ થતા લોકો ભેગા થતા ધક્કા મુક્કી થતા તેઓને સામાન્ય ઈજા થયેલ બનાવ અંગે પોતે પોલીસમાં ફરીયાદ આપેલ. જે ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે તો તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેને

Scanned with CamScanner

પતિએ આપેલ ફરીયાદ બાબતે પોલીસે તેણીનું નામ સરનામું ઉંમર પુછેલુ તે સિવાય કોઈ હકીકત પોતે પોલીસને લખાવેલ નથી કે તેણીએ બીજી કોઈ હકીકત બનાવ બાબતે જાણતી નથી. આરોપીઓને ઓળખતી નથી. સાહેદ ફરીયાદ હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એપીપીશ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદે ફરીયાદ હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકતો સ્વિકારેલ છે કે, આ કામના ફરીયાદી તેણીના પતિ થાય છે. બનાવ સમયે પોતે ઘરે હતી. બનાવ પોતે નજરે જોયેલ નથી.

સાહેદની સમગ્ર જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ ફરીયાદીની પત્ની થાય છે. બનાવ બાબતે પોલીસે પુછપરછ કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત સાહેદ જાણતા નથી તેમજ આરોપીઓને ઓળકી બતાવેલ નથી. વધુમાં બનાવ સમયે પોતે પોતાના ઘરે હાજર હોવાની હકીકત રેકર્ડ ઉપર આપેલ હોય સાહેદની સમગ્ર જુબાની ઉપરથી ફરીયાદ હકીકત પુરવાર થતી નથી.

(૧૦) ફરીયાદ પક્ષે આંકઃ ૦૯ થી પંચ સાહેદ બિપીનભાઈ અસરફીલાલ જયસ્વાલ તથા આંકઃ ૧૧ થી ભગવાનપ્રસાદ રામનરેશ પડિનાઓને તપાસવામાં આવેલ છે. પંચ સાહેદોએ સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, ગઈ તા. ૧૩/૭/૧૩ ના રોજ પોલીસે તેઓની હાજરીમાં પંચનામાની વિગતે લોખંડનો સળીયો કબજે કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસે લખેલા તૈયાર

પંચનામામાં પંચ સાહેદોની સહીઓ કરાવેલ હતી. જે આંકઃ ૧૦ વાળુ પંચનામું બતાવવામાં આવે તો તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પંચ સાહેદોએ ફરીયાદ હકીકતનો સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એપીપીશ્રીનાઓ દ્વારા માંગવામાં આવેલી પરવાનગીના આધારે પરવાનગી આપવામાં આવતા ફરી ગયેલ પંચ સાહેદો તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદોએ ફરીયાદ હકીકતનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રીનાઓ દ્વારા પંચ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

પંચ સાહેદોની સમગ્ર જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નહી હોવાનું તથા પોલીસે એક તૈયાર પંચનામામાં તેઓની સહીઓ કરાવેલ હોવાનું જણાવેલ છે. પંરતુ તે પંચનામાની વિગત બાબતે સાહેદોએ કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર જણાવેલ ન હોય જેથી પંચ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૧)ફરીયાદ પક્ષે આંકઃ ૧૨ થી તપાસ કરનાર અમલદાર મહેન્દ્રકુમાર મફતલાલનાઓને તપાસવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારનાઓએ સરતપાસમાં સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે, તેઓ સને-૨૦૧૩ના અરસામાં વટવા પોલીસ સ્ટેશનમાં હે.કો.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદીની ફરીયાદના આધારે આરોપીઓ વિરૂદ્ધ ગુનો રજીસ્ટર થતા તપાસ સંભાળી લઈ પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું આંકઃ ૧૦ કરેલ હતું. લાગતા વળગતા સાહેદના નિવેદનો નોંધી આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવો હોવાથી ચાર્જશીટ કરેલ હતું. તેઓ આરોપીને

Scanned with CamScanner

જોયેથી ઓળખી શકે છે. આરોપીઓ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા તપાસ કરનાર અમલદારનાઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદારનાઓએ એવી હકીકતોનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદ પંચનામામાં પંચોની સહી લીધેલ છે. સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ નોંધેલ નથી. તપાસ કરનાર અમલદારનાઓએ એવી હકીકતો સ્વિકારેલ છે કે, તપાસના કામે હથિયાર બંધીના જાહેરનામાંની નકલ સામેલ રાખેલ નથી. બનાવ સમયે જાહેરનામું અમલમાં હતું તે બાબતે પોતાને જાત માહીતી નથી. ફરીયાદી સાહેદોએ બનાવ બાદ કોઈ જગ્યાએ સારવાર મેળવેલ હોય તેવી તપાસમાં હકીકત ખુલવા પામેલ નથી. બનાવ બાદ ફરીયાદી સાહેદો પોતાનું દૈનિક જીવન જીવવા અસમર્થ હતા કે કેમ? તેવી કોઈ હકીકત પોતાની તપાસ દરમ્યાન બહાર આવેલ નથી. ફરીયાદી પોતાની ફરીયાદમાં ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો લખાવેલ નથી. બનાવ બન્યા બાદ ફરીયાદ બીજા દિવસે નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારનાઓએ એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

તપાસ કરનાર અમલદારનાઓની સમગ્ર જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા હોવાથી ચાર્જશીટ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર જણાવેલ છે. તપાસ કરનાર અમલદારનાઓ પોતાની જુબાનીને અનુરૂપં જ પુરાવો રેકર્ડ ઉપર આપેલ છે. તેમજ તેઓની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી નિવડે તેવી કોઈ હકીકત બહાર આવેલ ન હોય તેઓની જુબાની ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થતી નથી.

Scanned with CamScanner

આરોપીઓએ મહેશ ડી. ઉપર હુમલો કરી આક્ષેપમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોવાનું ફરિયાદ આપેલ છે. પરંતુ ફરિયાદી સાહેદે ફરિયાદ મહેશ કેશવ સમર્થન આપેલ ન હોઈ જેથી ઉપરોક્ત પુરાવામાં ફરિયાદ મહેશ કેશવ સમર્થન કરતા નથી.

ફરિયાદ પક્ષે સાહેદ મેડીકલ ઓફિસર તપાસેલ છે. સાહેદ મેડીકલ ઓફિસરની જુબાનીમાં આવતા તેઓ ઈજાના સાથે મેડીકલ હોય છે. તેઓ ડૉ. એસ.એસ. મેડીકલ ઓફિસરની જુબાની થતા તેઓ ઈજા થઈ શકે છે અને ઈજાના સાથે મેડીકલ ઓફિસર હોય છે. જેથી ઉપરોક્ત સાહેદોને તપાસી શકાયેલ નથી.

આમ, ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક પુરાવો તેમજ કેસ રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી સાહેદે ફરિયાદ મહેશ કેશવ સમર્થન આપેલ નથી. ફરિયાદી સાહેદે પોતાની જુબાનીમાં બનાવ સમયે આ કામના આરોપીઓએ બનાવ સમયે ક્યા ઉશ્કેરાઈને હતા તે બાબતે કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાવેલ નથી. તેમજ બનાવ બાદ ફરિયાદી સાહેદે પોતાનું કરાવેલ હતા કે કેમ? તે બાબતે તેઓ કોઈ બાબતની હકીકત જાહેર કરેલ નથી. જેથી ફરિયાદી સાહેદની સમગ્ર જુબાની ઉપરથી ફરિયાદ પુરવાર થતી નથી. ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ પંચનામાની

વિગતોને સમર્થન આપેલ ન હોય જેથી હોસ્ટાઈલ જાહેર થયેલ છે. જેથી પંચ સાહેદોની જુબાની ઉપરથી આંક: ૧૦ વાળુ મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું પણ પુરવાર થતુ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારનાઓએ પોતાની જુબાનીમાં બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હતુ કે કેમ? તે પણ સ્પષ્ટ થતુ નથી. તપાસ કરનાર અમલદાર દ્વારા હથિયારબંધીનું જાહેરનાનું પણ મેળવવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી. જેથી મુદ્દા નંબર:૧ નો જવાબ નકારમાં ઠરાવી અને મુદ્દા નંબર:૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આરોપીઓ (૧) આશિષભાઈ હેમંતભાઈ અમીન.ઉં.વ.૨૩, (૨) પ્રેમકુમાર કિશોરીલાલ યાદવ.ઉં.વ.૩૫,નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમઃ ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમઃ ૧૩૫(૧) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

(૩) મુદ્દામાલ પાવતીનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવો.

Scanned with CamScanner

(12)

C.C.NO. . /

સદરહુ હુકમ આજ તારીખઃ ૦૪ માહે મે સને-૨૦૧૯ રોજ
ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

મુકામઃઅમદાવાદ
તા.૦૪/૦૫/૨૦૧૯

એમ.ટી.દેસાઈ.

Scanned with CamScanner